ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળ, સંચાલિત ફોન : ૨૫૩૮ ૦૬૯૮

# પટેલ મુસાફરખાના અમદાવાદ

★ રજી. નં. બી-૨૪૭ તા. ૨૫-૬-૧૯૫૨ ★

ટોકરશાની પોળ, ઉર્દુ શાળા નં. ૨ની પાસે, ગાયકવાડ હવેલી રોડ, રાયખડ, અમદાવાદ-૩૮ ૦૦૧.

## મુસાફરખાનાનો હોલ બુક કરાવવા માટેનું ફોર્મ

૧. મુખ્ય પાર્ટીનું પુરૂં નામ : ______________________

૨. પુરેપુરૂં સરનામું : ______________________

______________________

૩. કોન્ટેક્ટ નંબર : (ઘર) ______________ (મો.) ______________

૪. પ્રોગ્રામની તારીખ : ______________ વાર : ______________ સમય : ______________

૫. કયા પ્રસંગ માટે બુકીંગ કરાવે છે : ______________________

૬. બુકીંગ કરાવનારની ફોટો આઈ.ડી. : ______________ (વોટર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ - કોઈ પણ એકની ઝેરોક્ષ)

૭. હોલ બાબતે જરૂરી તમામ નિયમોં અને શરતો મેં/અમે વાંચ્યા છે, જે મને/અમને મંજુર છે.

તારીખ : ______________

સ્થળ : ______________ બુકીંગ કરાવનાર વ્યક્તિ / પાર્ટીની સહી

---

**ફક્ત કાર્યાલયના ઉપયોગ માટે :**

૧. હોલ આપ્યા તારીખ : ______________ સમય : ______________

૨. મીટર રીડીંગ : ભાડે આપતી વખતે : ______________ પાર્ટીની ટુંકી સહી : ______________

પરત લેતી વખતે : ______________ પાર્ટીની ટુંકી સહી : ______________

વપરાયેલ કુલ યુનિટ : ______________

૩. ડિપોઝીટ + ભાડાના રકમની પહોંચની વિગત : બુક નં. ______________ રસીદ નં. : ______________ તારીખ : ______________

૪. પરત આપવાની થતી ડીપોઝીટની રકમ : ₹ ______________

## હોલના વપરાશ માટેના નિયમો અને શરતો

૧. હોલનું બુકીંગ પ્રોગ્રામની તારીખના ૬૦ દિવસ પહેલાં કરવામાં આવશે.

૨. હોલનું બુકીંગ નીચે દર્શાવેલ સમયગાળા માટે કરવામાં આવે છે અને તે મુજબ તેનું ભાડું વસુલ કરવામાં આવે છે.

| | સમયગાળો | પટેલ માટે | નોન પટેલ માટે |
|---|---|---|---|
| (૧) | સવારના ૦૯-૦૦ થી સાંજના ૦૪-૦૦ સુધી | ₹ ૧,૫૦૦/- | ₹ ૨,૫૦૦/- |
| (૨) | સાંજના ૦૪-૦૦ થી રાત્રિના ૧૧-૦૦ સુધી | ₹ ૧,૫૦૦/- | ₹ ૨,૫૦૦/- |
| (૩) | સવારના ૦૯-૦૦ થી રાત્રિના ૧૧-૦૦ સુધી | ₹ ૨,૫૦૦/- | ₹ ૪,૦૦૦/- |
| (૪) | રાત્રી રોકાણ - રાત્રિના ૧૧-૦૦ થી સવારના ૦૯-૦૦ સુધી | ₹ ૧,૫૦૦/- | ₹ ૨,૫૦૦/- |
| (૫) | ૨૪ કલાક સવારના ૦૯-૦૦ થી બીજા દીવસે સવારના ૦૯-૦૦ સુધી | ₹ ૩,૦૦૦/- | ₹ ૫,૦૦૦/- |

**નોંધ :** રાત્રી રોકાણ દરમ્યાન હોલ ફક્ત સુવાના ઉપયોગ માટે જ આપવામાં આવે છે. સુવા માટેની વ્યવસ્થા હોલ બુક કરાવનારે જાતે સ્વખર્ચે કરવાની રહેશે.

૩. હોલની બુકીંગ ડીપોઝીટ રૂા. ૧૫૦૦/- છે.

૪. હોલ ભાડે લેનારે હોલની સાફ-સફાઈ કરાવવા માટે હોલના સુફાઈ કર્મચારીને રૂા. ૭૫/- અલગથી તેમને રૂબરૂ ચૂકવવાના રહેશે.

૫. હોલ ભાડે લેનારે વીજ-વપરાશનો ચાર્જ પ્રતિ યુનિટ દીઠ અલગથી ચૂકવવાનો રહેશે જે ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે.

૬. હોલ બુકીંગ કરાવનારે બુકીંગ સમયે બુકીંગ ડીપોઝીટ અને હોલનું ભાડું બુકીંગ ફોર્મ સાથે જ જમા કરાવવાનું રહેશે અને તેની પહોંચ મેળવી લેવાની રહેશે.

૭. ઉપર (શરત નં. ૨) માં દર્શાવેલ સમયગાળા કરતાં વધુ સમય હોલનો ઉપયોગ કરવામાં આવશે તો વધારાના દરેક કલાક દીઠ રૂા. ૨૦૦/- વધારાનો ચાર્જ વસુલ કરવામાં આવશે જે ડીપોઝીટની રકમમાંથી બાદ કરવામાં આવશે.

૮. સંજોગોવશાત એક જ દિવસે બે અલગ-અલગ પાર્ટીઓનું બુકીંગ હોય તેવા સંજોગોમાં બન્ને પાર્ટીઓને એક-બીજાનો સંપર્ક કરી મળી સમજી પરસ્પરના સહકારથી હોલનો ઉપયોગ કરવાનો રહેશે.

૯. હોલ બુક કરાવનાર પાર્ટીએ હોલનું તથા હોલની અન્ય પ્રોપર્ટીને કોઈ પણ પ્રકારનું નુકશાન ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે. આમ છતાં, હોલને અથવા હોલની કોઈપણ પ્રોપર્ટીને નુકશાન થશે તો પાર્ટીએ નુકશાન વળતર ચૂકવવાનું રહેશે અને આ નુકશાન વળતર પણ ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે.

૧૦. આકસ્મિક સંજોગોવશાત હોલનું બુકીંગ રદ કરાવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો હોલ બુક કરાવનારે લેખિતમાં જાણ કરવાની રહેશે. આવા સંજોગોમાં બુકીંગ કેન્સલેશન ચાર્જ નીચે મુજબ ભાડાની રકમમાંથી વસુલ કરી બાકીની રકમ પરત કરવામાં આવશે.

★ પ્રોગ્રામની તારીખના ૧૫ દિવસ થી વધારે સમય હશે તો **ભાડાની રકમના ૫૦%**

★ પ્રોગ્રામની તારીખના ૧૫ દિવસ અને તેથી ઓછા હશે તો **ભાડાની રકમના ૧૦૦%**

૧૧. હોલ બુક કરાવનારે બુકીંગ ફોર્મ સાથે તેમની ફોટો આઈ.ડી. પ્રુફની ઝેરોક્ષ નકલ, તેના પર સહી કરી બીડવાની રહેશે.

૧૨. અત્રેના હોલ પાસે પોતાની પાર્કીંગ વ્યવસ્થા નથી તથા આસપાસના રહેણાંક વિસ્તાર હોઈ હોલની આસપાસના તમામ રસ્તા પર અડચણરૂપ થાય તે રીતે વાહનો પાર્ક ન થાય તેનું બુકીંગ કરાવનાર પાર્ટીએ ધ્યાન રાખવાનું રહેશે.

## હોલ બાબતે

૧. પાર્ટીએ જે સમય માટે હોલ બુક કરાવ્યો હોય તે સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. ખાસ નોંધ : આ હોલ રહેણાંક વિસ્તારમાં હોઈ તથા હોલ મુસાફરખાનાનો એક ભાગ હોઈ રાત્રિના ૧૨-૦૦ વાગ્યા પછી હોલ ફક્ત રાત્રી રોકાણ પૂરતો જ ઉપયોગ કરી શકાશે. તથા રાત્રી રોકાણ દરમ્યાન શાંતી અને વ્યવસ્થા જાળવી રાખવાની રહેશે. આ બાબતમાં કોઈ છુટછાટ કે બાંધછોડ કરવામાં આવશે નહીં.

૩. હોલમાં કોઈ પણ પ્રતિબંધિત વસ્તુઓ અથવા પદાર્થ લાવવા, રાખવા તેમજ તેનો ઉપયોગ કરવા બાબતે સખત મનાઈ છે. આ અંગેની કોઈપણ બાબત ધ્યાને આવતાં તુરંત જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તે અંગેની સઘળી જવાબદારી હોલ બુક કરાવનાર પાર્ટીની રહેશે. સંસ્થા આ બાબતે કોઈ જવાદબારી સ્વકારશે નહીં.

૪. અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીના આદેશ અનુસાર કોઈ પણ હોલ કે વાડીની આસપાસના વિસ્તારમાં લગ્નના વરઘોડા સાથે મ્યુઝીક, બેન્ડ કે દારૂખાનું ફોડવા માટે મનાઈ ફરમાવી તે જગ્યાને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવામાં આવેલ છે. તેનો અમલ ન કરવો કાનૂની ગુનો બને છે. આ આદેશનું ચુસ્તપણે પાલન કરવું ફરજીયાત રહેશે.

૫. અત્રેના હોલની બિલકુલ નજદીક ધાર્મિક સ્થળ મસ્જીદ તથા બીલકુલ બાજુમાં જાહેર રોડ ઉપર પોલીસ સ્ટેશન છે. આ બન્ને બાબતોથી પણ આ વિસ્તાર શાંત અને પ્રતિબંધિત વિસ્તાર તરીકે લાગુ થઈ જાય છે.

આથી ઉપર જણાવેલ બાબતોનું પાલન કરી શકે તેવી પાર્ટીએ જ હોલ બુક કરાવવો. આ બાબતે બુકીંગ પાર્ટી દ્વારા આપવામાં આવતી કોઈ પણ ખાત્રી કે ગેરંટી માન્ય રાખવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.

## જમણવાર બાબત

૧. હોલની કેપેસીટી આશરે ૨૫૦ માણસો જેટલી છે તથા પાણીની વ્યવસ્થા પણ તે મુજબની જ છે. આથી ૨૫૦ થી વધુ માણસો માટે જમણવાર કરવાનો હોય તો હોલ બુક કરાવનાર પાર્ટીએ વધારાના પાણીની વ્યવસ્થા જાતે પોતાના સ્વખર્ચે કરવાની રહેશે એ જ રીતે પીવાના પાણીની વ્યવસ્થા પણ અલગથી સ્વખર્ચે કરવાની રહેશે.

૨. હોલની બહાર વાસણો ધોવા માટે ચોકડીની વ્યસ્થા છે તેનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૩. ચોકડીમાં કોઈપણ સંજોગોમાં પાણીના નળા કે દેગો ઉંધી વાળી પાણી ઢોળી કિચડ કરવું નહીં. તેની સફાઈની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે.

૪. જમણવાર દરમ્યાન જે એંઠવાડ ભેગો થાય તેના નિકાલની જવાબદારી પણ પાર્ટીની રહેશે. અન્યથા પાર્ટી પાસેથી રૂા. ૩૦૦/- સફાઈ ચાર્જ પાર્ટીની ડીપોઝીટમાંથી વસુલ કરી તેનો નિકાલ કરવામાં આવશે.